**હક્કપત્રક પડતર ફેરફાર નોંધ નિકાલ ઝુંબેશ**

**"ગતિશીલ ગુજરાત લક્ષ્ય-૧૦૦ દિવસ"**

**ગુજરાત સરકાર**
**મહેસૂલ વિભાગ**
**પરિપત્ર ક્રમાંક: હકપ/૧૦૨૦૧૪/૦૧/SMC**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા. ૨૬/૦૬/૨૦૧૪.**

**પરિપત્ર:**

રાજ્ય સરકાર દ્વારા તા.૨૩/૦૬/૨૦૧૪ના રોજ **"ગતિશીલ ગુજરાત લક્ષ્ય –૧૦૦ દિવસ"** અંતર્ગત જુદા જુદા વિભાગો દ્વારા હાથ ધરવાની થતી લોકોનો સ્પર્શતી અગત્યની પ્રવૃત્તિઓ ઓળખી કાઢી આગામી ૧૦૦ દિવસમાં આ બાબતે લક્ષ્યાંકો નિર્ધારિત કરી ઝુંબેશના સ્વરૂપમાં કામગીરી કરવા માટેનો એજન્ડા નક્કી કરવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ અન્વયે સરકારશ્રીના તમામ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓની બેઠકમાં આ મુદ્દાઓ પરત્વે જરૂરી સૂચના તેમજ માર્ગદર્શન આપેલ છે. ત્યારબાદ જિલ્લા / તાલુકા કક્ષાના અધિકારીશ્રીઓ સાથે વિડીઓ કોન્ફરન્સના માધ્યમથી સૌને આ કામગીરીનું હાર્દ સમજાવી ઝુંબેશના સ્વરૂપમાં નક્કર કામગીરી કરવા જરૂરી રૂપરેખા અને માર્ગદર્શન આપવામાં આવ્યુ છે.

**"ગતિશીલ ગુજરાત લક્ષ્ય –૧૦૦ દિવસ"** અંતર્ગત મહેસૂલ વિભાગે નીચે જણાવેલ મુદ્દા પરત્વે ઝુંબેશના સ્વરૂપમાં કામગીરી હાથ ધરવાની થાય છે.

૧. વારસાઇ માટે પડતર તમામ નોંધોનો નિકાલ

૨. આદિજાતિ વિસ્તારમાં વારસાઇ નોંધો પાડવા ખાસ ઝુંબેશ

૩. ૧૦૦ દિવસમાં અન્ય તમામ પડતર નોંધોનો નિકાલ

ઉપરોક્ત ઝુંબેશના મુદ્દાનંબર-૧ તથા ૨ માટે વિભાગના તા.૦૯/૦૬/૨૦૧૪ના પરિપત્રક્રમાંક હકપ/૧૦૨૦૧૪/૦૧/SMC થી હકપત્રકમાં વારસાઇની પડતર ફેરફાર નોંધો અને વારસાઇના બાકી કેસોના નિકાલની ખાસ ઝુંબેશ શરૂ કરવા અને તેને માટે જુદા જુદા પાંચ તબક્કામાં તા.૩૦/૦૯/૨૦૧૪ સુધીમાં કઇ રીતે કામગીરી કરવાની છે તેની વિગતવાર સૂચનાઓ અને કરેલી કામગીરીના રીપોર્ટ માટેના નિયત નમૂનાના પત્રક-૧ થી ૩ મોકલી આપવામાં આવેલા છે. જે મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

**મુદ્દાનંબર-૩ અન્વયે ૧૦૦ દિવસમાં અન્ય તમામ પડતર નોંધોનો નિકાલ ઝુંબેશ** માટે સદરહુ પરિપત્ર અન્વયે આપેલી સૂચનાઓ વારસાઇ માટેની પડતર નોંધ અને કોઇ ખેડૂત ખાતેદારની વારસાઇ બાકી રહી ગઇ હોય તો વારસાઇ કરી નોંધ પાડવાની કામગીરી કરવાની સાથે સાથે લક્ષ્ય-૧૦૦ દિવસના ભાગ રૂપે તા.૩૦/૦૬/૨૦૧૪ અંતિત તમામ પડતર ફેરફાર નોંધોને પણ ઝુંબેશના સ્વરૂપમાં નિકાલ કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. તેમજ તા.૩૦/૦૬/૨૦૧૪ પછીથી નવી પડનાર ફેરફાર નોંધોનો પણ તેની વૈધાનિક પ્રક્રિયા માટે જરૂરી હોય તેવા દિવસો પૂર્ણ થયા બાદ સમયમર્યાદામાં નિકાલ કરવાનો રહેશે. એટલે કે તા.૦૧/૧૦/૨૦૧૪ની સ્થિતીએ વારસાઇની ફેરફાર નોંધો પાડવા માટેના શોધી કાઢવામાં આવેલ તમામ કિસ્સાઓમાં વારસાઇની ફેરફાર નોંધની ગામ નમૂના નંબર-૬(હક્કપત્રક)માં એન્ટ્રી કરી લેવામાં આવે અને તે ફેરફાર નોંધો પૈકી તકરારી ન હોય તેવી તમામ ફેરફાર નોંધો પરત્વે જરૂરી નિર્ણય લઇ લેવામાં આવે તેમજ તકરારી ફેરફાર નોંધો માટે સત્વરે સુનવણી રાખી મહ્દઅંશે નિકાલ કરવાનો રહેશે.

આ કામગીરીની અઠવાડિક સમીક્ષા આપની કક્ષાએ કરવામાં આવે તેમજ **રાજ્ય કક્ષાએ ઇ-ધરા એપ્લીકેશન મારફતે જનરેટ થનારા રીપોર્ટના આધારે દરેક જિલ્લાનો કામગીરી અહેવાલ માનનીય મુખ્યમંત્રીશ્રીને રજુ કરવામાં આવશે. તેથી આ કામગીરી ઝુંબેશના સ્વરૂપે હાથ ધરવા વિનંતી છે અને તા.૦૧/૧૦/૨૦૧૪ ની સ્થિતિએ ત્રણ માસ ઉપરની એક પણ ફેરફાર નોંધ પડતર ન રહે તે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.**

**(પ્રકાશ મોદી)**
**પ્રોજેક્ટ ઓફીસર**
**સ્ટેટ મોનીટરીંગ સેલ (LRC)**
**મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.**

**નોંધ ઉપર અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગના આદેશ અનુસાર.**

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. અધ્યક્ષશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા પ્રભારી સચિવશ્રીઓ.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (મહેસૂલ), મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/સચિવશ્રી/ સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિવાદ કચેરી, અમદાવાદ.
- વિકાસ કમિશ્નરશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (સર્વે મામલતદાર કચેરીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (સર્વે તલાટી-કમ-મંત્રીશ્રીઓને જાણ તથા અમલવારી કરવાની વિનંતી સહ)
- સ્ટેટ ઇન્ફોર્મેશન ઓફીસર, નેશનલ ઇન્ફોર્મેટીક ગુજરાત સ્ટેટ સેન્ટર, બ્લોક નં. ૧૩, પ્રથમ માળ, ગાંધીનગર. તરફ આ સાથે સામેલ નિયત નમૂના મુજબના કંટ્રોલ શીટ રીપોર્ટ સોફ્ટવેર આધારિત જનરેટ થાય તે અંગેની કાર્યવાહી સમયમર્યાદામાં કરવા સારું.
- સેકશન અધિકારી(ખ-શાખા), પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.

# ગા.ન.નં.૬ (હક્કપત્રક) ફેરફાર નોંધો માટેનુ  કંટ્રોલ શીટ

**(મહેસૂલ વિભાગ, પરિપત્ર  ક્રમાંકઃ  હકપ/૧૦૨૦૧૪/૦૧/SMC, સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫/૦૬/૨૦૧૪ અન્વયે)**

| અ.નં. | જિલ્લો | તા..........ની શરૂઆતમાં નિકાલ માટે બાકી પડતર નોંધોની સંખ્યા | | | | | તા..........થી તા..........સુધીમાં નવી પડેલ ફેરફાર નોંધની સંખ્યા | | | | | તા..........થી તા..........સુધીમાં નિકાલ કરેલી ફેરફાર નોંધની સંખ્યા | | | | | તા..........ને અંતે કુલ નિકાલ બાકી પડતર ફેરફાર નોંધની સંખ્યા | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વેચાણ | વારસાઇ | બોજો દાખલ / કમી | અન્ય | કુલ (૧+૨+૩+૪) | વેચાણ | વારસાઇ | બોજો દાખલ / કમી | અન્ય | કુલ (૬+૭+૮+૯) | વેચાણ | વારસાઇ | બોજો દાખલ / કમી | અન્ય | કુલ (૧૧+૧૨+૧૩+૧૪) | વેચાણ (કોલમનં. ૧+૬-૧૧) | વારસાઇ (કોલમનં. ૨+૭-૧૨) | બોજો દાખલ / કમી(કોલમ નં.3+૮-૧3) | અન્ય(કોલ મનં.૪+૯-૧૪) | કુલ (૧૬+૧૭૧૮+૧૯) |
| | | ૧ | ૨ | 3 | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧3 | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | |